
# દ.ગુજરાતમાં ચૂંટણીનો ધમધમાટ શરૂ

### ખેરગામમાં તા.-જિ. પંચાયતના 3 દિવસમાં 98 ફોર્મ ઉપડ્યાં

ખેરગામ: ખેરગામ તાલુકામાં તાલુકા પંચાયતની 16 બેઠક અને જિલ્લા પંચાયતની 2 બેઠક માટેની ચૂંટણી જાહેર થતાં જ રાજકીય માહોલ ગરમાયો છે. ખેરગામ તાલુકા પંચાયતની બેઠકો ઉપર ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ આ વખતે પોતાના ઉમેદવાર મેદાને ઉતારવાની તૈયારી કરી રહ્યા છે. ખેરગામ મામલતદાર કચેરીમાં તાલુકા તથા જિલ્લા પંચાયતની બેઠકો માટે ઉમેદવારી ફોર્મ વિતરણ અને સ્વીકારવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ચૂંટણી જાહેરનામા બાદ સોમવારથી બુધવાર સુધીના ત્રણ દિવસમાં કુલ 98 જેટલા ઉમેદવારી ફોર્મ ઉપાડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આગામી દિવસોમાં ફોર્મ ભરવાની અંતિમ તારીખ નજીક આવતા વધુ ઈચ્છુક ઉમેદવારો ઉમેદવારી ફોર્મ ઉપાડે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. હાલ સુધી ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ પોતાના ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરી નથી. યાદી જાહેર થયા બાદ જ ઉમેદવારો પોતાના ઉમેદવારી પત્ર સાથે પક્ષના મેન્ડેટ જોડીને ફોર્મ ભરી શકશે.




## નાનાપોંઢાની 2 જિલ્લા, 8 તાલુકા પંચાયતના આપના ઉમેદવારોએ ફોર્મ ભર્યા

વલસાડ: બુધવારે આમ આદમી પાર્ટી દ્વારા આદિવાસી વાજિંત્રો સાથે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને ફૂલહાર કરી નાનાપોંઢા તાલુકા પંચાયતમાં સમાવિષ્ટ બે જિલ્લા પંચાયત અને 8 તાલુકા પંચાયત બેઠકો માટે નાનાપોંઢા મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત નાનાપોંઢામાં કપરાડા નાનાપોંઢા ઉપપ્રમુખ દિવ્યેશ પટેલ, પ્રદેશ આગેવાન જયેન્દ્ર ગામિતની ઉપસ્થિત વચ્ચે ઉમેદવારી પત્રકો ભર્યા હતાં. આમ હવે નાનાપોંઢા તાલુકામાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રીપાંખીઓ જંગ ખેલાશે. જે અત્યંત રસપ્રદ બની રહેશે. સૂત્રોના જણાવ્યા મુજબ નવનિર્મિત નાનાપોંઢા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકો માટે ભાજપ અને કોંગ્રેસ હજુ ઉમેદવારી પસંદગીમાં વ્યસ્ત છે, ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા નાનાપોંઢા અને અંભેટી જિલ્લા પંચાયત બેઠકો અને 8 તાલુકા પંચાયત બેઠક, નાનાપોંઢા, ચીવલ, મોટી વહિયાળ, અરનાઈ, અંભેટી, કાકડકોપર, સુખાલા અને મોટાપોંઢા બેઠકો ઉપર ઉમેદવારી પત્રકો ભરી પ્રચાર કાર્ય શરૂ કર્યું છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા નામો જાહેર થયા બાદ ઉમેદવારી પત્રકો ભરાશે તેમ જાણવા મળ્યું છે.

## નવસારી પાલિકામાં “નો ડ્યુઝ” સર્ટિફિકેટ માટે ઉમેદવારોની ભીડ. ધક્કામુક્કી સર્જાઇ

નવસારી: નવસારી મહાનગરપાલિકાની આવનારી ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે, ત્યારે ઉમેદવારી નોંધાવવા ઇચ્છુક દાવેદારોની પાલિકા કચેરીએ ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને “પાલિકાનું કોઈ લેણું નથી” એટલે કે નો ડ્યુઝ સર્ટિફિકેટ મેળવવા માટે દાવેદારોમાં હોબાળો અને ઉતાવળનો માહોલ સર્જાયો છે. વહેલી સવારથી જ ઉમેદવારો કચેરીએ પહોંચતા હોવાથી દિવસભર લાંબી લાઇનો અને ધક્કામુક્કી જેવી સ્થિતિ ઊભી થતી નજરે પડી રહી છે. ચૂંટણી પ્રક્રિયામાં આ સર્ટિફિકેટ ફરજિયાત હોવાને કારણે દરેક દાવેદાર તેને ઝડપથી મેળવવા પ્રયત્નશીલ છે. પરિણામે પાલિકા કચેરીમાં અચાનક ભારણ વધ્યું છે. અધિકારીઓને એક સાથે મોટી સંખ્યામાં અરજીઓ મળતા કામકાજ પર દબાણ વધ્યું છે, જ્યારે અરજદારોને પણ લાંબા સમય સુધી રાહ જોવી પડી રહી છે. કેટલાક દાવેદારો દ્વારા વ્યવસ્થાની અછત અંગે અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. તેઓનું કહેવું છે કે યોગ્ય આયોજન ન હોવાને કારણે ભીડ સંભાળવામાં મુશ્કેલી પડી રહી છે. બીજી તરફ પાલિકા તંત્ર દાવો કરી રહ્યું છે કે વધારાની કાઉન્ટર અને સ્ટાફ દ્વારા પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## ડાંગ જિલ્લામાં 337 મતદાન મથક પર મતદાન યોજાશે

સાપુતારા: ડાંગ જિલ્લામાં કુલ ૧૮ જિલ્લા પંચાયતની બેઠકો માટે સામાન્ય ચૂંટણી તથા આહવા તાલુકામાં ૧૬ બેઠકો, વઘઇ તાલુકામાં ૧૬ બેઠકો, અને સુબીર તાલુકામાં ૧૬ બેઠકો આમ કુલ ૪૮ તાલુકા પંચાયતના બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. આ માટે જિલ્લાના કુલ ૩૩૭ મતદાન મથક ઉપર મતદાન યોજનાર છે. સ્વરાજ્યના એકમોની મતદાર યાદી મુજબ ડાંગ જિલ્લામાં કુલ ૧,૯૩,૫૮૮ મતદારો નોંધાયેલા છે. જેમાં આહવા તાલુકામાં ૮૦,૮૪૪, વઘઇ તાલુકામાં ૫૭,૦૫૩ અને સુબીર તાલુકામાં ૫૫,૬૯૧ મતદારો નોંધાયેલ છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-એપ્રિલ-૨૦૨૬ અન્વયે ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આદર્શ આચારસંહિતા અમલી બનાવવામાં આવી છે.

## વાપી મનપાની ચૂંટણીમાં ત્રીજા દિવસે પણ કોઈ ફોર્મ ભરાયું નહીં

વાપી: વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણી માટે સોમવારથી ફોર્મ લઈ જનારાઓએ પણ બુધવારે ત્રીજા દિવસે પણ એક પણ ઉમેદવારીપત્ર ભરાયું ન હતું. વાપી મનપાની ચૂંટણી માટે ૧૧ એપ્રિલ સુધીમાં ફોર્મ ભરવાની મુદત છે. જોકે પહેલાં ત્રણ દિવસમાં એક પણ ફોર્મ ભરાયું નથી. વાપી મનપાની ચૂંટણીમાં આ વખતે ભાજપ-કોંગ્રેસ વચ્ચે મુખ્ય મુકાબલો થાય તેવી શક્યતા છે. આમ આદમી પાર્ટી પણ મેદાનમાં ઉતરે છે કે કેમ તે જોવું રહ્યું. જ્યારે કેટલાક અપક્ષ ઉમેદવારો પણ ફોર્મ લઈ ગયા છે પરંતુ હજી સુધી કોઈએ પણ ફોર્મ ભર્યું નથી.





# ચિંચાઈ ગામમાં વૃક્ષોનું નિકંદન, માટી ખનનના ગંભીર આક્ષેપ

### જાગૃત નાગરિકે કલેક્ટરને રજૂઆત કરી, પગલાં નહીં તો ઉગ્ર આંદોલનની ચીમકી

વલસાડ: વલસાડ જિલ્લાના ચિંચાઈ ગામે ગ્રામ પંચાયતના સત્તાધીશોની ઘોર બેદરકારી સામે એક જાગૃત નાગરિકે મોરચો માંડ્યો છે. ચિંચાઈ ગામના રહેવાસી ચેતનભાઈ મણિલાલ પટેલે કલેક્ટરને લેખિત આવેદનપત્ર પાઠવી વૃક્ષોનું નિકંદન અને ગેરકાયદે માટી ખનન મામલે ગંભીર આક્ષેપો કર્યા છે અને ચેતવણી આપી છે કે, જો યોગ્ય પગલાં નહીં લેવાય તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આવેદનપત્રમાં આક્ષેપ કરાયો છે કે, વલસાડ ચિંચાઈ ગામમાં કોઈપણ જાતની ટેન્ડર પ્રક્રિયા હાથ ધર્યા વિના ‘રેઈન ટ્રી’ (વરસાદ લાવતા વૃક્ષો) કાપી નાખી તેનું વેચાણ કરી નાણાંની ઉચાપત કરવામાં આવી છે. નિયમ મુજબ રૂ.5000થી વધુની રકમ માટે ટેન્ડર અને વન વિભાગની મંજૂરી અનિવાર્ય હોવા છતાં તેનું ઉલ્લંઘન કરાયું છે. ગામના રમતગમતના મેદાન (સરકારી ગૌચર જમીન સરવે નં. 285)માંથી મોટા પાયે ગેરકાયદે માટી ખનન કરી સરકારી સંપત્તિનું વેચાણ કરવામાં આવ્યું હોવાનો પણ ઉલ્લેખ છે. અરજદાર દ્વારા અગાઉ ૨૭/૦૧/૨૦૨૬ ના રોજ પણ પુરાવા સાથે રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ વહીવટી તંત્ર દ્વારા હજુ સુધી જવાબદાર અધિકારીઓ કે સત્તાધીશો સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. પર્યાવરણને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. જો જિલ્લા કક્ષાએથી આ મામલે તાત્કાલિક તપાસ કરી જવાબદારો વિરુદ્ધ પગલાં ભરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં વૃક્ષ બચાવો અભિયાન હેઠળ ગ્રામજનો સાથે મળીને ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ચેતનભાઈ પટેલ દ્વારા આપવામાં આવી છે.



# પાઈપલાઈન વેલ્ડિંગનું કામ ઘરેલું ગેસ સિલિન્ડરથી!

### નવસારીના દુધિયા તળાવ પાસે કોમર્શિયલના બદલે ઘરેલું સિલિન્ડરનો ઉપયોગ

નવસારી: નવસારીના આશાપુરી મંદિર નજીક દુધિયા તળાવ વિસ્તારમાં ચાલી રહેલા પાઈપલાઈનના કટિંગ અને વેલ્ડિંગ જેવા જોખમી કામ માટે ઘરેલું LPG ગેસ સિલિન્ડરનો ઉપયોગ થતો હોવાની માહિતી સામે આવતા સ્થાનિકોમાં ચિંતા અને નારાજગી ફેલાઈ છે. નિયમ મુજબ આવા કામ માટે કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ઉપયોગ કરવો જરૂરી હોય છે, છતાં કોન્ટ્રાક્ટર દ્વારા નિયમોને અવગણીને ઘરેલું સિલિન્ડરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાનું જણાઈ રહ્યું છે. વસ્તીવાળા વિસ્તારમાં આ પ્રકારનું કામ જોખમી માનવામાં આવી રહ્યું છે. સ્થાનિકોનું કહેવું છે કે સામાન્ય નાગરિકોને ઘરેલુ ગેસ મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે, જ્યારે બીજી તરફ આવા સિલિન્ડરનો વ્યાપારી ઉપયોગ થવો યોગ્ય નથી.

## વલસાડમાં મારામારીના કેસમાં આરોપીને 5 વર્ષની કેદ

વલસાડ: વલસાડના પારનેરા ગામે ખોખરા ફળિયામાં આવેલી કુટુંબની સહિયારી આંબાવાડીમાં રોહીત ચંદુભાઇ પટેલે કેરી તોડી નાખી હતી. જે અંગે તેમના ભાભી પુષ્પાબેન પટેલે તેમને પુછ્યા વિના કેમ કેરી ઉતારી એવું જણાવતા રોહીતે તેમના માથામાં લાકડાના ફટકા વડે જોરથી ઘા કર્યો હતો. ત્યારબાદ તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં તેમના માથામાં ફ્રેક્ચર હોવાનું જાણવા મળ્યું હતું. આ ઘટનામાં દિયર વિરુદ્ધ વલસાડની કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેની સુનાવણીમાં સરકારી વકીલ ભરતભાઈ પ્રજાપતિ અને એન. ડી. પ્રજાપતિની દલીલ ગ્રાહ્ય રાખી સેસન્સ જજ નીપા રાવલે આરોપીને કસૂરવાર ઠેરવી તેને 5 વર્ષની સખત કેદ અને રૂ. 25 હજારનો દંડ તેમજ દંડ ન ભરે તો વધુ 25 હજારના દંડની સજા ફટકારતો ચૂકાદો આપ્યો હતો.

# દમણના નમોપથ પર કારે અડફેટે બાઈકચાલક યુવકનું મોત

### દમણ મિત્રો સાથે ફરવા આવેલા અંકલેશ્વરના કારચાલકની પોલીસે ધરપકડ કરી

### વાપીનો મૃતક યુવક પણ દમણ ફરવા આવ્યો હતો



દમણ: સંઘપ્રદેશ દમણના નમોપથ પર મોડી રાત્રે અંકલેશ્વરના કારચાલકે પૂરપાટ ઝડપે કારને હંકારીને વાપીના એક બાઈકસવાર યુવાનને અડફેટે લેતાં માથાના ભાગે પહોંચેલી ગંભીર ઈજાના કારણે યુવાનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, વાપીના કબ્રસ્તાન રોડ પાસે રહેતો 23 વર્ષીય અરબાઝ ખાન તેના સાથી મિત્ર અંકિત યાદવ સાથે એવેન્જર મોટરસાઈકલ (નં. MH-49-AH-2387) પર સવાર થઈને મંગળવારે મોડી રાત્રે દમણ ફરવા અર્થે આવ્યા હતા. ત્યારે સ્મશાન પાસેના નમોપથ રોડ પર તેઓ પસાર થઈ રહ્યા હતા ત્યારે દમણ મિત્રો સાથે ફરવા આવેલા ઈકો કાર (નં GJ-16-FA-5324) ના ચાલકે બાઈકસવાર યુવાનોને પૂરપાટ ઝડપે ટક્કર મારતા તેઓ રસ્તા પર ફંગોળાઈને પટકાયા હતા. જેમાં બાઈક સવાર અરબાઝ ખાનને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક પાછળ બેસેલા તેના મિત્ર અંકિતને નાની મોટી ઈજાઓ પહોંચતા તેનો બચાવ થવા પામ્યો હતો.

બનાવની જાણ નાની દમણ પોલીસને થતાં પોલીસની એક ટીમ સ્થળ પર આવી મૃતક યુવાનની લાશને સરકારી હોસ્પિટલમાં મોકલવાની કાર્યવાહી કરી હતી. આ મામલે પોલીસ ચોપડે ગુનો દાખલ કરી કારચાલક યોગેશ રમેશ વસાવા (ઉં.વ.26, રહે., નવી વસાહત, અંકલેશ્વર, ભરૂચ)ની ધરપકડ કરી છે. આ સાથે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# દમણમાં ઓનલાઈન સટ્ટાના કાળા કારોબારમાં યુવાધન બરબાદીના પંથે

### મોબાઈલ એપ તથા વેબસાઈડ મારફતે યુવાનો સટ્ટો રમતા હોવાથી પરિવાર તથા સમાજ માટે ચિંતાનો વિષય

### રાતોરાત પૈસા કમાવવાની લાલસામાં યુવાનો માનસિક તાણ તરફ પણ ધકેલાઈ રહ્યા છે

દમણ: સંઘ પ્રદેશ દમણમાં હાલના સમયમાં યુવાનો મોટા પાયે ઓનલાઈન સટ્ટાના બંધાણી બની રહ્યા હોય તેવું ચિંતાજનક ચિત્ર ઉપસી રહ્યું છે. રાતોરાત અમીર બનવાની ઘેલછામાં યુવાનો વિવિધ મોબાઈલ એપ અને વેબસાઈટના માધ્યમથી સટ્ટાના રવાડે ચઢ્યા છે, જે હવે પરિવાર અને સમાજ માટે ગંભીર ચિંતાનો વિષય બન્યો છે.

આઈપીએલ (IPL) મેચો શરૂ થતાની સાથે જ પ્રદેશમાં સટ્ટાબાજીનું બજાર ગરમાયું છે. હવે જૂની પદ્ધતિના બદલે આધુનિક તકનીકનો ઉપયોગ થઈ રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અંદાજે 10 જેટલી અલગ-અલગ એપ્લિકેશનો દ્વારા આ નેટવર્ક ચલાવવામાં આવે છે. સટ્ટાખોરો પોતે જ ગ્રાહકોને લોગ-ઈન માટે આઈડી અને પાસવર્ડ જનરેટ કરી આપે છે. માત્ર 500 રૂપિયા જેવી નાની રકમથી શરૂ થતો આ ખેલ જોતજોતામાં લાખો રૂપિયાના આંકડા સુધી પહોંચી જાય છે. તમામ વ્યવહારો ડિજિટલ માધ્યમથી બેંક એકાઉન્ટમાં થતા હોવાથી પોલીસ માટે આ નેટવર્કને પકડવું અત્યંત મુશ્કેલ બની રહ્યું છે.

આ સટ્ટાના દળદળમાં માત્ર મજૂર વર્ગ જ નહીં, પરંતુ દુકાનદારો અને મોટા વેપારીઓ પણ ફસાયા છે. જીતવાની લાલસામાં આર્થિક પાયમાલી સર્જાતા અનેક યુવાનો ડિપ્રેશનનો શિકાર બની રહ્યા છે. આધારભૂત માહિતી મુજબ, નાની દમણ જેટી કિનારે અને ગાર્ડન વિસ્તારમાં મેચ દરમિયાન યુવાનોના ટોળેટોળાં મોબાઈલ પર સટ્ટો રમતા જોવા મળે છે.

સ્થાનિકોની માંગ છે કે દમણ પોલીસ જેટી ગાર્ડન અને અન્ય મુખ્ય સ્થળો પર પેટ્રોલિંગ સઘન બનાવે અને આ ઓનલાઈન સટ્ટાના નેટવર્કને નેસ્તનાબૂદ કરે. જો સમયસર આ બદીને રોકવામાં નહીં આવે, તો પ્રદેશનું યુવાધન આર્થિક અને માનસિક રીતે પાયમાલ થઈ જશે તે નક્કી છે.

# વાપી મનપાનું નવા આયોજનથી પાણી દિવસમાં બે વખત મળશે

### ડુંગરામાં પણ ૧૮.૫ લાખ લીટરની ઊંચી ટાંકી અને નવા પ્લાન્ટ દ્વારા વધુ નિયમિત પાણી પુરવઠો સુનિશ્ચિત કરાશે



વાપી: વાપી મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોને પૂરતું અને નિયમિત પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે એક મહત્ત્વપૂર્ણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. હાલમાં કોળીવાડ વિસ્તારમાં આવેલા ૩૫.૫૦ એમ.એલ.ડી. ફિલ્ટ્રેશન પ્લાન્ટ દ્વારા વાપી ટાઉન, ગોકુલ વિહાર, નૂતનનગર, ડુંગરા નવીનગરી, ડુંગરા દાદરીમોરા, સમગ્ર સુલપડ વિસ્તાર, સમગ્ર ચલા તેમજ વાપીના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ વ્યવસ્થા હેઠળ અંદાજે ૫ થી ૬ એમ.એલ.ડી. જેટલું પાણી સમગ્ર ડુંગરા વિસ્તારમાં આપવામાં આવે છે. શહેરની જરૂરિયાતને પહોંચી વળવા માટે હાલ ડુંગરા દાદરીમોરા વિસ્તારમાં ૪૬ એમ.એલ.ડી. ક્ષમતા ધરાવતું નવું પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ અને દમણગંગા નદીમાંથી કાચું પાણી ઉપાડવા માટે ઇન્ટેક વેલનું નિર્માણ કાર્ય ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટની કામગીરી ૧૫ મે ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની શક્યતા છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં ડુંગરા આઝાદનગર, ડુંગરા નવીનગરી, હરિયા પાર્ક, ડુંગરીફળિયા, ઈ.ડબલ્યુ.એસ કોલોની તેમજ સુલપડ વિસ્તારને જરૂરિયાત મુજબ પૂરતું પાણી સીધું જ ઉપલબ્ધ થશે.

આ નવા આયોજનના પરિણામે કોળીવાડ ફિલ્ટ્રેશન પ્લાન્ટમાંથી ડુંગરા વિસ્તારમાં આપવામાં આવતા ૫ થી ૬ એમ.એલ.ડી. પાણીની બચત થશે. આ બચત થયેલા પાણીનો ઉપયોગ ચલા વિસ્તારમાં કરવામાં આવશે, જેનાથી ત્યાં પાણી પુરવઠો વધુ સુવ્યવસ્થિત બનશે અને દિવસમાં બે વખત પાણી આપવાની સુવિધા શરૂ કરી શકાશે. આ સાથે જ ડુંગરા વિસ્તારમાં પણ ૧૮.૫ લાખ લીટરની ઊંચી ટાંકી અને નવા પ્લાન્ટ દ્વારા વધુ નિયમિત અને સુધારેલ પાણી પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવશે.

## નેવરીમાં ગટર પૂરી દેવા મુદ્દે પડોશીએ માર માર્યો

વલસાડ: નાનાપોંઢા તાલુકાના નેવરીમાં રહેતા સપનાબેન રણજીત પટેલએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગઈ કાલે સાંજે પાડોશી હિરલ નટુભાઈ પટેલ અચાનક ઘરે આવી ગાળા ગાળી કરી પતિને શર્ટ પકડી બહાર લઈ જવા લાગ્યા હતા. પતિને છોડાવવા જતા હિરલએ સપનાબેનના વાળ પકડી ફેંકી દીધી હતી અને છોકરાઓને પણ ધક્કો મારી ફેંકી દીધા હતાં. ત્યારબાદ હિરલે લોખંડના પાઈપથી માર મારતા પતિને હોસ્પિટલ ખસેડવા પડ્યા હતા. આ વિવાદ ઘરનું બાંધકામ માટે રેતી લાવવાની હોય જેથી ઘરની બાજુમાં પડતી ગટરને પૂરી દેતાં જે બાબતે હિરલે તમે અત્યારે ગટરમાંથી માટી કાઢી નાખો કહી ઝઘડો કર્યો હતો. જે અંગે હિરલ નટુભાઈ અને નટુ પટેલ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# નિવૃત્ત પોલીસ કર્મી દારૂની હેરાફેરી કરતાં ઝડપાયો

### પારડીના કલસર-પાતલિયા ચેકપોસ્ટ પર રૂ.88 હજારની મતા કબજે, 1 વોન્ટેડ



પારડી: કલસર પાતલિયા ચેકપોસ્ટ પર નિવૃત પોલીસ કર્મચારી દારૂની હેરાફેરી કરતાં ઝડપાયો હતો. પારડી પોલીસની ટીમ કલસર પાતલિયા ચેક પોસ્ટ ઉપર દમણથી આવતા વાહનોની ચેકિંગમાં હતી, તે દરમિયાન દમણથી આવતી જ્યુપિટર મોપેડ નંબર જીજે 15 ઈપી. 0087 ને રોકી હતી. જેમાં તપાસ કરતાં ડીકીમાં તથા પગ મુકવાની જગ્યાએ દારૂની બોટલ નંગ 150 જેની કિંમત રૂ.38,000 નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે લોટન ગણપતભાઈ વાડીલે (રહે., વલસાડ મોગરાવાડી)ને ઝડપી પાડ્યો હતો. પકડાયેલ નિવૃત પોલીસકર્મી હોવાનું જાણવા મળ્યું હતું. આ દારૂના જથ્થા અંગે પૂછપરછ કરતાં દમણથી અલગ અલગ વાઈનશોપથી દારૂ ખરીદી વલસાડ મોગરાવાડીનો આનંદ મહેશ પટેલને આપવાનો હોવાનું કબૂલતા તેને વોન્ટેડ બતાવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો, મોપેડ સહિત કુલ રૂ.88,000નો મુદ્દામાલ કબજે કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માણેકપોરમાં ફેક્ટરીના મશીનમાં દુપટ્ટો ફસાઈ જતાં મહિલાનું મોત

નવસારી: જલાલપોરના માણેકપોર વિસ્તારમાં આવેલી મસાલા ફેક્ટરીમાં બનેલી દુર્ઘટનામાં એક મહિલા કામદારનું મોત થતાં ચકચાર મચી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ સાંજે રીનાબેન હીરલભાઈ પટેલ (ઉં.વ.૩૮, રહે., છીણમ ગામ, નાના ફળિયા) ફેક્ટરીમાં કામ દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત બન્યા હતા. કામ કરતી વખતે તેમનો દુપટ્ટો મશીનમાં ફસાઈ જતાં તેઓ બેભાન થઈ ગયા હતા. સાથી કર્મચારીઓ દ્વારા તેમને તાત્કાલિક નવસારી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મિતેશકુમાર પરભુભાઈ પટેલ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. મરોલી પોલીસે અકસ્માત મોત નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# અંબાડા ગામમાં જમીન વિવાદમાં મારામારી

નવસારી: જિલ્લાના અંબાડા ગામના ગાંધી ફળિયામાં ભરતભાઈ વલ્લભભાઈ મિસ્ત્રી પોતાની માલિકીની જગ્યામાં સફાઈ કરી રહ્યા હતા. તે દરમિયાન પાડોશમાં રહેતા સંજયભાઈ સોમાભાઈ પટેલ સાથે જમીન સંબંધિત મુદ્દે બોલાચાલી શરૂ થઈ હતી, જે બાદમાં ઉગ્ર બની ગાળાગાળી સુધી પહોંચી હતી. ફરિયાદ અનુસાર, આ દરમિયાન સંજયભાઈના પુત્ર જીગ્નેશભાઈ સંજયભાઈ પટેલે લાકડાથી ભરતભાઈને માથાના ભાગે ઈજા પહોંચાડી હતી. વચ્ચે પડેલા તેમના ભાઈ અશોકભાઈને પણ ફટકો મારવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. બનાવ બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક અંબાડા સીએચસી ખાતે અને ત્યારબાદ નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ભરતભાઈને માથામાં ટાંકા લેવા પડ્યા હતા. આ બનાવ અંગે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# વલસાડ પાસપોર્ટ ઓફિસની ધીમી કામગીરીથી અરજદારો ત્રાહિમામ

### કર્મચારીની ખુરશી ખાલી, કામ વિલંબ અંગેનો વિડીયો વાયરલ

વલસાડ: વલસાડ પોસ્ટ ઓફિસમાં ચાલી રહેલી પાસપોર્ટ ઓફિસની કામગીરીથી અરજદારોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. તેમની ધીમી કામગીરીના કારણે અરજદારોએ અહીં કલાકો સુધી લાઈન લગાવવી પડી રહી છે. તેમની કામગીરીથી નારાજ એવા પાસપોર્ટ એજન્ટો પણ અરજદારોને વલસાડના બદલે સુરતની જ એપોઈન્ટમેન્ટ લેવાની સલાહ આપી રહ્યા છે. પાસપોર્ટની રિજ્યોનલ ઓફિસ સુરત છે. દક્ષિણ ગુજરાતના લોકોએ સુરત સુધી લાંબા ન થવું પડે એ માટે પાસપોર્ટ વિભાગે વલસાડ પોસ્ટ ઓફિસમાં તેનું નાનુ સેન્ટર ખોલ્યું છે. તુ વલસાડ જેવા નાના ટાઉનમાં તેમને કામ કરવું સહેલું હોવાના બદલે તેઓ ધીમી ગતિથી કામ કરી રહ્યા હોવાનો બળાપો અરજદારોએ કાઢ્યો હતો. આજરોજ વલસાડ પાસપોર્ટ ઓફિસમાં કર્મચારીની ખાલી ખુરશી અને તેમના દ્વારા થતાં વિલંબ અંગે અરજદારે અવાજ ઉઠાવ્યો અને તેનો વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં વહેતો કર્યો હતો. જેના કારણે અન્ય અરજદારોએ પણ આ અંગે પોતાનો બળાપો ઠાલવ્યો હતો. આ ઓફિસમાં બેસવાની પુરતી વ્યવસ્થા નથી. પાયાની સુવિધાનો સદંતર અભાવ છે. જેના કારણે અરજદારો અને કર્મચારીઓની પણ હાલત કફોડી છે.